**સને ૨૦૧૩–૧૪ ( આયોજન હેઠળ)**
**પોલીસ અકાદમી કરાઈ, જી.ગાંધીનગરના બાંધકામ માટેની ચાલુ સેવાને વહીવટી મંજુરી આપવા બાબત...**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બજટ/૨૦૧૨/૫૮૧/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :–૩૦/૩/૨૦૧૩.

**વંચાણે લીધા** :

૧. મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ, ગાંધીનગરનો તા.૯/૧૦/૨૦૧૨નો પત્ર નં. ગુપોહા/એકા/૩૭૭/૭૮૪૫/૨૦૧૨.

**ઠરાવ** :

રાજય સરકારશ્રી ધ્વારા પોલીસ અધિકારીઓની તાલીમ માટે ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે રૂા.૬૦.૦૦ કરોડના ખર્ચે ગુજરાત પોલીસ અકાદમી નામની પૂર્ણ કક્ષાની તાલીમ સંસ્થા સ્થાપવામાં આવેલ છે. આ કામગીરી માટે અત્યાર સુધીમાં રૂા.૫૦.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. હાલમાં સદર કામગીરી પ્રગતિમાં હોઈ, નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ ના અંદાજપત્રમાં આયોજન હેઠળ રૂા.૩.૪૫ કરોડની જોગવાઈને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૧) સને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં અંદાજપત્રમાં થયેલ જોગવાઈને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ યોજના અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૩ પછીથી કરવાનો રહેશે.

(૩) આ મંજુરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા–ધોરણો અને નીતિ–નિયમોનુસાર કરવાનો રહેશે.

(૪) બાંધકામ યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જીલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા/અંદાજોના સક્ષમ અધિકારીશ્રીની વહીવટી/તાંત્રિક મંજુરી મેળવી લેવાની રહેશે.

(૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૬) વિભાગે રજુ કરેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઈ કરાવી લેવાની રહેશે.

(૭) પ્રસ્તુત કામ ટેન્ડર પ્રોસેસીગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઈ ટેન્ડરીગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ/સૂચનાઓ તથા વખતોવખત ઉદ્યોગ અને ખાણ વિભાગે કરેલા ઠરાવોને અનુસરવાનું રહેશે.

૩. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.,એ તેને ફાળવવામાં આવનાર ઉકત રકમ આ વિભાગના ઉપસચિવશ્રીની પ્રતિસહીથી ઉપાડવાની રહેશે.

૪. નિગમે દર મહિને આ અંગેની રકમમાંથી કરવામાં આવતા ખર્ચની અને તે ધ્વારા થનાર બાંધકામની વિગતવાર માહિતી આપતા પત્રકો તે પછીના મહીનાની દશમી તારીખ સુધીમાં આ વિભાગની લ–શાખા તથા ર–શાખા (બજેટ શાખા)ને મોકલી આપવાના રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ વર્ષમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

માંગણી ક્રમાંકઃ –૪૬(આયોજન હેઠળ)
મુખ્ય સદર–૪૦૫૫ – પોલીસ અંગે મૂડી ખર્ચ જોગવાઈ
ગૌણ સદર(૨૧૧) પોલીસ આવાસન
પેટા સદર (૦૧)ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે પોલીસ અકાદમીનું બાંધકામ.
સ્કીમ કોડ : HSG-13
હેડ ચાર્જેબલ : ૪૦૫૫ ૦૦ ૨૧૧ ૦૧
કોમ્પ્યુટર કોડ : ૧૧૭૨૯૩

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૧/૩/૨૦૧૩ ની નોંધથી આપવામાં આવેલ સંમતિને આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હસમુખ પટેલ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- નાણા સલાહકારશ્રી,(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(ટીસીએન્ડટી) ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણાં વિભાગ,અ–શાખા, સચિવાલય,ગાંધીનગર.
- ગૃહ વિભાગ, વ અને ર–શાખા, સચિવાલય,ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર
- વીમા નિયામકશ્રી, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ